કાન્તિ ભટ્ટ

## આપણે રાહ જોતાં બેસી રહીએ છિએ..

ગાતે ગાતે
મૈં એક ભાવુક સા કવિ
ઇસ ભીડ મે ગાતે ગાતે ચિલ્લાને લગા હૂં
મેરી ચેતના જડ હો ગઇ હૈ
ઉસ જમીન કી તરહ
વર્ષામે  પરતી રહ જાને કે કારણ
જિસને ઉપજ નહીં દી
યહ દેખતે દેખતે
કિ કિતને ભયાનક ભ્રમ મેં જિયે યહ વર્ષ
યહ સોચતે સોચતે
કિ અપના કસૂર ક્યા હૈ
ઔર ક્યા કિયા હૈ ઇન લોગોને
જો જીવનભર સભાઓ મેં તાલિયાં બજાતે રહે
થાલોં મેં સજે હુએ ભાષણ
ઔર પ્રેસ કી કતરનેં ખાતે હૈ
મેરા દિમાગ ભન્ના ગયા હૈ
બડે લોગ કી બદૌલત મેરા દેશ
યાતનાઓ સે નહીં
ફૂલમાલાઓ સે દબકર મરા હૈ

- દુષ્યંતકુમાર

કવિ મરીઝને ઘણા કવિતાપ્રેમીઓ ગુજરાતના ગાલિબ કહેતા. મનોજ શાહ નામના ભેખધારી નાટ્યકારે મરીઝના જીવન ઉપરથી પૃથ્વી થિયેટર્સના ઉપક્રમે નાટક લખેલું-ભજવેલું. ત્યારે બરાબર ૪ વર્ષ પહેલાં મેં પૃથ્વી થિયેટર્સના બુક સ્ટોલ પરથી કવિ દુષ્યંતકુમારનો કાવ્યસંગ્રહ 'જલતે હુએ વન કા વસંત' નામનો સંગ્રહ ખરીદેલો. તેનું મથાળું આપણને તમામને સારો સંદેશ આપે છે. મરીઝ અને બીજા કવિઓ કે જગતના તમામ ભાવુકોએ જિંદગીના વનને જાતે આગ લગાવીને તેમાંથી જ વસંતને ઊજવી છે અને બીજાને આનંદ આપ્યો છે.

મારા વૈદ્યમિત્રે જેક એમ. ઝુફેલ્ટનું લખેલું પુસ્તક 'ધ ડી. એન. એ. ઑફ સકસેસ-નો વોટ યુ વોન્ટ ટુ ગેટ વ્હોટ યુ વોન્ટ' આપ્યું છે. 'ગેરંટેડ સફળતા મેળવવાની કળા' આ પુસ્તકમાં આપી છે. આ પુસ્તકની વાત પછીથી કરીશ પણ આજકાલ આજુબાજુ ભાવુક લોકો, લાગણીશીલ વ્યક્તિ, સંવેદનાવાળા જીવો જે રીતે જાણીજોઇને બીજાને ખુશ રાખવા જાતે દુ:ખી થાય છે તે જોઇને ભારતમાં તે લોકોએ પોતે 'દુ:ખી થવાની કળા' વિષે લખવું જોઇએ. નિષ્ફળ થતાં ય શીખવું જોઇએ. પોતે નિષ્ફળ જઇ બીજાને સફળ થવા દેવા એ આપણો મંત્ર છે. દુષ્યંતકુમાર તો ગાતા ગાતા બરાડા પણ પાડે પરંતુ ગળામાં અવાજ જ ન રહે, કલમની વાત ઉપર કોઇ ધ્યાન ન દે અગર તો લેખક કે કવિની કલમ જ વટકી જાય તો ?

લેખક કે કવિના મગજમાં બળતણ ખૂટી જાય તો કેવી હાલત થતી હશે ? અમારે ઘરે દૂઝાણું હતું પણ ઘણી વખત બા કહે 'ગાય વહૂકી ગઇ છે.' અગર જો ગાય દોહવા દેતી હોય છતાં ઘણી વખત વટકે પણ ખરી. અંગ્રેજી ભાષાના લેખકો 'રાઇટર્સ બ્લોક' જેવો શબ્દ વાપરે છે. લેખક જ્યારે કંઇ લખી જ શકે નહીં તેવી હાલતને રાઇટર્સ બ્લોક કહે છે. અમેરિકા કે ભારતમાં શેરબજાર તૂટતું હોય તો એ સટોડિયાને બચાવવા વર્લ્ડ બેંકથી માંડીને ભારતમાં રિઝર્વ બેંક અને નાણાંપ્રધાન રાતોરાત અબજોનાં નાણાંની વ્યવસ્થા કરે પણ અમદાવાદ કે મુંબઇમાં ઝૂંપડામાં રહેનારા પ્રામાણિક માણસને રૂ. પચાસ હજાર કે રૂા. ૧ લાખની લોન કોઇ નહીં આપે. જાણે ડૉ મનમોહનસિંઘથી માંડીને નરેન્દ્ર મોદી સુધી ગરીબોની તકલીફો

નિવારવાના પગલાં વિચારવા અંગે આ નેતાને 'રાઇટર્સ બ્લોક' આવી ગયો છે ! સમગ્ર દેશની સરકારો વિદેશી મૂડીરોકાણકારો માટે મોટો ખોળો પાથરે છે. ઘરના છોકરા ઘંટી ચાટે છે. આ ઘંટીના છૈયાંના ઉદ્ધાર માટેના વિચારો જાણે વહૂકી ગયા છે.

જેમ માટીના નીર સુકાય તેમ કલમના નીર પણ સુકાતાં હોય છે અને નીર વગરની કલમ ચાલે તેનાથી કાંઇ ભલીવાર ન થાય-દા'ડો ન પાકે-છોકરાંવ શિરામણ ન કરે. જૂના લેખકો દેશ પરદેશમાં તો કબૂલ કરતા કે કલમ વિલાઇ ગઇ છે (રાઇટર્સ બ્લોક). ગામડાના કૂવામાં જ્યારે પાણી ખૂટી જાય ત્યારે કહેવાતું કે પાણીનાં આરીયાં થઇ ગયા. અંત આવી ગયો. તળિયા સુધી પાણી સુકાઇ ગયાં કે છીંછરા થઇ ગયાં. આજે ખરેખર દિલને ચોટ લાગે તેવા વિચારોના આરીયાં થઇ ગયા છે.

કોઇ વસ્તુ નિર્જીવ બની જાય તો 'રામ રમી ગયા' કહેવાતું. આજે તમે જુઓ છો કે દેશના તદ્દન સાદા પ્રશ્નો છે. બસ, ગરીબને રોજગારી આપો. સાંકડું પાકું મકાન આપો. બસ, ભયોભયો. પણ જાણે રાજકારણીના 'રામ રમી' ગયા છે. કલમ જવાબ દઇ જાય અને અમુક જણ લખી ન શકે કે ગાયને દૂધ દોહવા દેવું ન હોય તો ગાય પ્રાહવો મૂકતી નથી કે બળદ સાવ પૂછલી હાય તો એક ડગલું ભરતો નથી પણ તમે દિલ્હી જઇ આવો. તદ્દન રામ રમી ગયા હોય અને વિચારોનો પ્રાહવો ન મૂકતી હોય તેવી બેપગાળી રાજકારણી નામની ગાયો જે ગૌશાળામાં મૂકવા જેવી છે તે વહૂકી ગયેલી ગાયો ગાદી ઉપર બેઠી છે. તેને ગરીબોની સમસ્યા ઉકેલવા વિચારોનો પ્રાહવો જ ફૂટતો નથી.

અમારે ઘરે ગાય દોહવા જ ન દે ત્યારે નિષ્ણાત ગોવાળને બોલાવીએ. ગોવાળ ગાયને પંપાળે. ગાયને કાંઇ માઠું લાગ્યું છે ? તેને માન આપવામાં ઓછું આવ્યું છે ? આ બધું જુએ પછી ગોવાળ ડાયગ્નોસિસ કરે. કહે કે ગાય આઉ ઊંચે ચઢાવી ગઇ છે, તેથી દોહવા દેતી નથી. પછી ગાયને મનાવવી પડે છે. શું આ લેખકોની કલમ આઉ ચઢાવી જતી હશે ? આવું થવું જોઇએ. કારણ કે તમે લખ્યે જ જાઓ, લખ્યે જ જાઓ અને તમારા ઘરમાં પુરસ્કાર આવે પણ લેખન સાવ વાંઝિયું રહે તો લખવાનું બંધ કરવું જોઇએ.

રાઇટર્સ બ્લોકનો સાચો ગુજરાતી અર્થ લખવો હોય તો કહી શકાય કે કલમનું ચોટદાર લખાણનું આંચળ ખોટું પડી ગયું છે. ગામડામાં કોઇ નપુંસક બની જાય તો આવો નિર્લજ્જ શબ્દ વપરાય નહીં એટલે મારા ગામમાં કહેવાતું 'એના દેવલા પોઢી ગયા છે' અથવા 'ફલાણાનો તો પોપટ ઊડી ગયા છે.' આજે ધનિકોની જ સમસ્યા ઉકેલવા ડૉ. મનમોહનસિંઘ અને રાજ્યોના મુખ્ય પ્રધાનો બાંયો ચઢાવે અને ગરીબોના પ્રશ્નો વિચારવાના હોય ત્યારે શું થાય છે ? આ લોકોના દેવલાં જાણે પોઢી જાય છે ! તો તે રીતે અસરકારક લખાણો ન આવે કે અખબાર માત્ર જાહેરખબરોથી જ ભરેલું હોય અને કવિ દુષ્યંતકુમારને ગાતાં ગાતાં બરાડા પાડવાનું મન થાય ત્યારે તેના શબ્દોમાં કહીએ કે અખબારોનાં દેવલાં પોઢી ગયાં છે.- પોઢતાં જાય છે. અખબારો માટેની વાયગ્રા શોધવી પડશે.

ઘોડો ઘણી વખત બળવો કરે. સ્ત્રી પણ હઠ કરે પણ અમુક લેખકો કલમહઠ કેમ કરતાં નથી ? રાજકારણી કે ઉદ્યોગપતિઓનાં કાળાં કામો પ્રગટ કરતી વખતે શું કામ અખબારોમાં કલમહઠ કરી શકતા નથી. કલમહઠ કરે તો પણ તેની કોઇ અસર થાય તેમ નથી. તેથી ભ્રષ્ટ રાજકારણમાં સિદ્ધાંતવાદી માણસ તેનું અસ્તિત્વ ટકાવવા જેમ ભ્રષ્ટ મુખ્યધાનને ટકાવી રાખતા તેમ લેખકોય કરે છે. આને બધા જ રોડવ્યે રાખે છે. અમારા ગામડામાં સવારે બ્રાહ્મણને લોટ માગવા જવું જ પડે. 'દયા પ્રભુની' કરવી જ પડે. નહીંતર ઘરે ભામણી કહે 'મા'રાજ લોટ માગવા નહીં જાઓ તો તાવડી ટેકો લઇ જશે.' આજે લેખકો કે રાજકારણીઓની તાવડી ટેકો ન લઇ જાય તે માટે 'દયા પ્રભુ'ની ઉચ્ચારનારા બ્રાહ્મણ જેવા ભીખમંગા કે લોટમંગા લેખકો થઇ ગયા છે.

લેખકોમાં બીજો એક શબ્દપ્રયોગ છે. લખતાં લખતાં આંગળા ખૂબ થાકી જાય અને આખી હથેળીનાં સ્નાયુઓ તંગ આવી જાય ત્યારે તે માટે 'રાઇટર્સક્રેમ્પ' શબ્દ વપરાતો. એ હાલત રાઇટર્સ બ્લોક કે કલમહઠ કરતાં તદ્દન જુદી અને માનવંતી હાલત છે. તમે જ્યારે ડૂંટીમાંથી બોલો, હ્રદયના ઉંડાણથી લખો, કાળજાનો ટુકડો કાપીને લખો કાળજામાંથી બોલો, ઉત્કટ વિચારો કે પાગલ થઇ પ્રેમ કરો અને બસ તમારાં કાળજાને કાપ્યા જ કરો અને તેનો પ્રતિધ્વનિ ન મળે ત્યારે રાઇટર્સ ક્રેમ્પ જેવી હાલત થાય છે.

અમેરિકામાં વોશિંગ્ટનથી પ્રગટ થતું 'આટલાન્ટિક' મેગેઝિન ૪૧ વર્ષથી વાંચું છું. તેમાં અમેરિકન કવિ ડેવિડ ઓવનનો લેખ વાંચ્યો. તેને ઘણી છોકરીઓ પૂછતી કે તમારી કવિતાઓની પ્રેરણામૂર્તિ કોણ છે ? તમને આવી તાજગીભરેલી કવિતા કેમ સ્ફૂરે છે ? કોઇ સુંદરી છે ? તો કવિ ડેવિડ ઓવન કહેતા 'અરે દીકરીઓ, આકાશમાંથી વીજળી ત્રાટકે તેમ કાંઇ પ્રેરણા ત્રાટકતી નથી, જો આવો તમારા મનમાં ખ્યાલ હોય તો કાઢી નાખજો...તમે સતત મથામણ કરો...મથામણ કરો...મથામણ કરો એટલે કવિતા આવી જ જાય છે. આવું જ જીવનનાં તમામ ક્ષેત્રમાં છે. તમારે લોકોનાં હ્રદય સુધી પહોંચવું હોય તો મેળાવડાઓ, માન સમારંભો, કોકટેલ પાર્ટીઓ, પરિષદો વગેરેમાં સમય વેડફવાને બદલે જનતાએ સત્તા આપી છે તો રાતદિવસ તમારે જનતાના પ્રશ્નો જ વિચારવા જોઇએ. ડિટ્ટો કલમનું. કલમ તો જ ન વસૂકે, જો તમે સતત મથામણ કરતા રહો. લોકોને તેમનાં દુ:ખ દર્દ ભૂલવાનું બહાનું તમારા લખાણમાંથી મળે. ઈશ્વરે કલમ આપી છે તે તમારા માટે નથી. બીજા માટે છે.

મહુવાની હાઇસ્કૂલમાં સંસ્કૃતના શિક્ષક ગોકુળદાસ સાહેબ હતા. જો કોઇ વિદ્યાર્થી નબળું પેપર લખે તો કહે 'તારું ધબાય નમ:'થઇ ગયું છે, એટલે કે પેપરમાં ધબડકો વાળ્યો છે. આજે દેશમાં તમામ વિચારકોનું અને રાજકર્તાઓનું ધબાય નમ: થઇ ગયું છે. બીજી ડરામણી હાલત પણ તમે અનુભવી હશે.

ફ્રેડ ડોયલ નામના ખગોળશાસ્ત્રી દૂરબીનથી આકાશના ગ્રહો જોઇ થાકયા તેથી વાર્તા પર હાથ અજમાવીને વિજ્ઞાન વાર્તા (સાયન્સ ફિકશન) લખવા માંડી તેનો સાર હતો-આ પૃથ્વી કોણ જાણે રહસ્યમય રીતે વિસ્તરતી જાય છે. અમુક સ્થળોની મુસાફરી નિયત સમયમાં પૂરી થતી તેની મુસાફરી લાંબી જ થતી જાય છે. એ પ્રમાણે વાર્તાનો હીરો તેના ઘરમાં રાહ જોતો બેઠો છે. પત્ની શોપિંગ કરવા ગઇ છે. આખરે તેને લાગે છે કે તેને અનંત સમય સુધી રાહ જોવી પડશે. પત્ની પાછી જ નહીં ફરે. આ વિજ્ઞાનવાર્તાનું વસ્તુ આપણા જીવનમાં અનેક રીતે લાગુ પડે છે. કશુંક અગમ્ય રીતે અને વિકરાળરૂપે વિસ્તરતું જાય છે. આપણે રાહ જોતા બેસી રહીએ છીએ. સારી સરકારની રાહ કે સારા ગૃહસ્થ જીવનની રાહ કે મારગ ભૂલેલા પતિ કે પત્નીના પાછા ફરવાની રાહ જોવાય છે. માણસાઇ પાછી ફરે તેની રાહ જોઇએ છીએ. પણ નઠારાપણાંના તત્ત્વો એટલા વિસ્તરતા જાય છે કે સારાં તત્ત્વોનો મારગ લાંબો...લાંબો થતો જાય છે.